પૂર્વછાયો- વળી પરચા વર્ણવી, કહું હું કાંઈક તેહ ।
હરિ હરિજનના જશ, કહેતાં તે વાધે સનેહ ॥૧॥
દંઢાવ્ય દેશમાં રાજપુરે, કણબી ભકત જે કર્ણ ।
સર્વે કુટુંબ સહિત પોત્યે, સ્વામી શ્રીજીને શર્ણ ॥૨॥
તેને મહારાજે મોરથી, વર્ષ આગમ જણવી વાત ।
આજ થકી દ્વાદશ માસે, પિંડ થાશે તારું પાત ॥૩॥
તેને એકાદશ માસ વીત્યા, વળી આવી કહ્યું અવિનાશ ।
ચેતવું હોય તો ચેતજ્યે, રહ્યો મૃત્યુ આડો એક માસ ॥૪॥

ચોપાઇ- પછી જેકરણે સતસંગી તેડી, કહી પોતાની વાત નિવેડી।
ભાઇઓ આ તન પામશે નાશ, તેહ આડો રહ્યો એક માસ ॥૫॥
માટે મંદિર સંત ઉતરવા, કાલ્યથકી આદરીએ કરવા ।
ત્યારે સતસંગી કહે સારુ, અમને કહ્યું એ ન કહેવું બારું ॥૬॥
પછી મંદિર સુંદર કરાવ્યું, ત્યાંતો મૃત્યુ તે નજીક આવ્યું ।
ત્યારે પત્ની પોતાનીને કહ્યું, મારે મરવા આડું નવ રહ્યું ॥૭॥
માટે મોર થકી તું તો ચાલ્ય, કેડ્યે હું પણ આવું છું કાલ્ય ।
પછી બેઠી તે કરવા ભજન, આવ્યા નાથ તેડ્યે તજ્યું તન ॥૮॥
તેને દેન દઇ ઘેર આવ્યા, પછી મોટા મોટાને બોલાવ્યા ।
ભાઇઓ જુવો પ્રભુનો પ્રતાપ, આતો વાત મોટી છે અમાપ ॥૯॥
મને આવ્યાં છે લેવા વિમાન, બહુ સંત ભેળા ભગવાન ।
મારે જાવું છે કાલ્યે જરૂર, આવ્યું નજીક નથી એ દૂર ॥૧૦॥
માટે સુત એક લઇ સંગે, જાઇશ બ્રહ્મમહોલ ઉમંગે ।
કેડ્યે કહેશો જે ન કહ્યું કેને, નહિતો પૂછી જોત વાત એને ॥૧૧॥
પૂછો જેને પૂછવું જે હોય, કેડ્યે સંશય કરશો માં કોય ।
સ્વામી પોત્યે છે પૂરણ બ્રહ્મ, જેને મળ્યે બળે કોટી કર્મ ॥૧૨॥
એમ કહી પછી તજ્યું તન, જોઇ આશ્ચર્ય પામિયાં જન ।
બોલ્યા માંહો માંહિ એમ વળી, થયો પર્ચો કહે સહુ મળી ॥૧૩॥
એક કણબી જતન નામ, ભજે પ્રભુ રહે પુરગામ ।
કરે પોતાના ઘરનું કામ, જપે સ્વામિનારાયણ નામ ॥૧૪ ॥
પાળે સાંખ્યયોગી વ્રતમાન, ધરે પ્રભુ પ્રગટનું ધ્યાન ।
એમ કરતાં આવ્યો તેનો કાળ, આવ્યા તેડવા તેને દયાળ ॥૧૫॥
જોઇ જતને જોડીયા હાથ, ભલે પધારિયા મારા નાથ ।
કહે નાથ આવ્યા તુજ સારુ, લાવ્યા વિમાન લાખ હજારું ॥૧૬॥
બેસા વિમાને મ કર વેળ, કહે એમ એને અલબેલ ।
પછી સંત હતા જેહ સાથ, કરી વિનતી જોડીને હાથ ॥૧૭॥
આજ દુઃખ કોગળીયા તણું, તેમાં મરે છે માણસ ઘણું ।

તેવામાં મરશે જો આ બાઈ, કહેશે લોક મુઈ રોગમાંઈ ॥૧૮॥
માટે એને મુકી જાઓ આજ, વળી પછી આવજ્યો મહારાજ ।
પછી વિમાનને પાછા વાળ્યાં, સર્વે ગામને મનુષ્યે ભાળ્યાં ॥૧૯॥
જોઈ આશ્ચર્ય પામ્યાં છે જન, થયો પરચો કહે ધન્ય ધન્ય ।
વળી એક ઉમરેઠ ગામ, દ્વિજભક્ત બાઈ જમુના નામ ॥૨૦॥
તિયાં પધાર્યા પોતે ભગવાન, દીધાં સહુને દર્શન દાન ।
સાત દિવસ સુધી રહ્યા ત્યાંઈ, પછી આવ્યા પાણસોરા માંઈ ॥૨૧॥
જમુનાબાઈ તો રહી ઝંખતિ, જમ્યા વિના ગયા પ્રાણ પતિ ।
આકુળ વ્યાકુળ અંતરે થઈ, શરીરની શુદ્ધ ભૂલી ગઈ ॥૨૨॥
અંતરવરતિ ઉતરી જ્યારે, થયું મહારાજનું દર્શન ત્યારે ।
કહે આવ્યા અમે પાછા આજ, કરો રસોઈ અમારે કાજ ॥૨૩॥
આજ જમવું છે તારે હાથ, કહે જમનાને એમ નાથ ।
પછી જમુના જાગી તેહ વાર, કરી સુંદર રસોઈ સાર ॥૨૪॥
પછી આવી જમ્યા જગદીશ, જે કોઈ અનંત શક્તિના ઈશ ।
કરે રસોઈ તે સમે સમે, તેને તજીને જન ઘેરે જમે ॥૨૫॥
એમ જમ્યા જમુનાને ઘેર, કરી મહારાજ શ્રીજીએ મહેર ।
પામ્યા આશ્ચર્ય ગામના વાસી, કહે ધન્ય ધન્ય અવિનાશી ॥૨૬॥
આપ્યો પરચો અંતરજામી, સુખદાયી સહજાનંદ સ્વામી ।
વળી મોરજ નામે છે ગામ, તિયાં કણબી પ્રભુદાસ નામ ॥૨૭॥
આવ્યો તેહના દેહનો કાળ, ત્યાગ્યું તન તેણે તતકાળ ।
ગયો બ્રહ્મ મોલમાં તે ભક્ત, તિયાં દીઠા છે અનંતમુક્ત ॥૨૮॥
દીઠું તેજ ત્યાં અતિ અપાર, જાણ્યું સૂર્ય હજારો હજાર ।
અતિ સુખ સુખ નાવે કહીએ, જાણું અખંડ આ સુખમાં રહીએ ॥૨૯॥
દીઠી મહારાજની ત્યાં મૂરતિ, તે તો સુખ સુખમય અતિ ।
લળીલળી લાગ્યો તેને પાય, નિર્ખિ હર્ષ હૈયામાં ન માય ॥૩૦॥
પછી પ્રભુ બોલ્યા એણીપેર, હવે ભક્ત જાઓ તમે ઘેર ।
પછી આવશું તેડવા અમે, ત્યારે આ ધામમાં રહેજ્યો તમે ॥૩૧॥

હમણાં તો વળી વહેલા જાઓ, હેતે ગુણ ગોવિંદના ગાઓ ।
પછી ભક્ત આવ્યો દેહ માંહિ, પહોર ચ્યારલગી રહી ત્યાંઈ ॥૩૨॥
કરી તિયાંની આ સર્વે વાત, સુણિ સહુ થયાં રળિયાત ।
કહે જન ધન્ય પ્રભુદાસ, તમે જઈ આવ્યા પ્રભુ પાસ ॥૩૩॥
પામ્યો પરચો અલૌકિક એહ, તેમાં નથી લગાર સંદેહ ।
વળી ગાના નામે એક ગામ, કણબી ભક્ત અવલબાઈ નામ ॥૩૪॥
તેણે સુણી સત્સંગીની વાત, માની ન માની રહી મનભ્રાંત ।
પછી આવી દરશનકાજ, નિરખ્યા મનમોહન મહારાજ ॥૩૫॥
નિરખી નાથને પાછી જ વળી, મૂર્તિ મહારાજની ચાલી મળી ।
નયણાં આગળ્યે રહ્યા નાથ, જીયાં જાય તિયાં આવે સાથ ॥૩૬॥
ઉઠે બેસે સુવે જાગે જ્યારે, દેખે અખંડ મૂરતિ ત્યારે ।
ખાતાં પિતાં ક્ષણું ન રહે દૂર, હાલે ચાલે ત્યાં દેખે હજૂર ॥૩૭॥
બોલતાં બોલે મુખમાં વળી, જોતાં સુણતાં ન રહે વેગળી ।
કરતાં સર્વે ઘરનું કામ, સદા ભેળા રહે તેને શ્યામ ॥૩૮॥
એ રહ્યું એને બહુ દન, તેનું મહાત્મ્ય ન જાણ્યું મન ।
કહેવા લાગી જેને તેને એહ, પછી મૂરતિ ન દીઠી તેહ ॥૩૯॥
એમ આપે છે સુખ મહારાજ, બહુપેરે કરે જન કાજ ।
વળી પૈજ નામે એક ગામ, કણબી ભક્ત અવલ એનું નામ ॥૪૦॥
સાંખ્યયોગી પાળે વ્રતમાન, ભજે પોતે પ્રકટ ભગવાન ।
ધરે ધ્યાન તે પ્રકટતણું, તેણે કરી ભૂલી પોતાપણું ॥૪૧॥
ભૂલી તન બોલી બદલાણી, કહે સેવો મને સ્વામી જાણી ।
વળી પૂછો જે પૂછવું હોય, મને સંશય રાખશો માં કોય ॥૪૨॥
કહે હું સહજાનંદ સ્વામી, સરવેનો છું અંતરજામી ।
એમ કહી પછી માંડ્યું કહેવા, જેને મને ઘાટ હતા જેવા ॥૪૩॥
એમ ઐશ્વર્ય દેખાડે બહુ, જોઈ આશ્ચર્ય પામિયાં સહુ ।
જોજ્યો મહારાજનો પરતાપ, કહે છે યાંથી કહે જેમ આપ ॥૪૪॥
એમ રહ્યું દિન દોય ચાર, પછી ઉપજ્યો એમ વિચાર ।

હું તો દાસ શ્રી મહારાજ કેરી, કેમ બેઠાં આ મુજને ઘેરી ॥૪૫॥
આવું આસન ન ઘટે મને, એમ કહી પાય લાગી સહુને ।
એહ બાઈની વાત જે કહી, જોજ્યો વિચારી સાંસતાં રહી ॥૪૬॥
પળ એક આ દેહ ભુલાય, એવું કોઈ કાળે કેમ થાય ।
મોટો પ્રતાપ આ નાથ કેરો, શું કહીએ તે મુખે ઘણેરો ॥૪૭॥
નથી વાત એ લૌકિક લેશ, સર્વે અલૌકિક એ રહસ્ય ।
એમ આપે છે નાથ આનંદ, કહ્યું ન જાય નિષ્કુળાનંદ ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસોને એકતાળીશમું પ્રકરણમ્ ॥૧૪૧॥